ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



નટવરલાલ મોહનલાલ લેઉવા
મો. ૯૪૨૬૫ ૮૨૬૪૪



ધર્મેશકુમાર વિષ્ણુભાઈ નાયી
ન્યૂ એમ્પાયર હેર એન્ડ કેર
મો. ૮૪૮૮૮ ૯૮૪૧૦



ઈલાબેન ડી નાયી
મો. ૮૪૮૮૮ ૯૮૪૧૦



અલય હિતલ પારેખ
મો. ૯૯૯૮૮ ૧૬૪૦૬



રોશનીબેન બાબુભાઈ પરમાર

# ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીના પોલેન્ડની પાંચ યુનિવર્સિટીઝ જોડે સમજૂતી કરાર



ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત ફોરોન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ફોરેન્સીક સાયન્સ ક્ષેત્રમાં સમજૂતી કરાર અર્થે પોલેન્ડની યુનિવર્સિટીઝનું ડેલીગેશન ગુજરાતમાં આવ્યું છે. બુધવારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ હાયર અને ટૅકનીકલ ઍજ્યુકેશન, રોડ અને બિલ્ડીંગના રાજયમંત્રી જયદ્રથસિંહજી પરમારની ઉપસ્થિતિમાં ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગરના પોલેન્ડની પાંચ યુનિવર્સિટીઝ સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે શિક્ષણ મંત્રીએ પોલેન્ડ ડેલીગેશન સાથે વિવિધ વિષયો ઉપર ચર્ચા-વિચારણા કરી હતી અને ગુજરાત સરકાર તરફથી પોલેન્ડ સરકાર સાથે વધુ ગાઢ સંબંધો વિકસાવવા માટે જરૂરી સહાયની ખાતરી આપી હતી.

પોલેન્ડની ઓપોલે યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, પોઝનામ યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, વોરસો યુનિવર્સિટી ઓફ લાઈફ સાયન્સીઝ, બીઆલીસ્ટોક યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી અને સીલેસીયન યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી સાથે ગુજરાત ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીએ ફોરેન્સીક સાયન્સના વિષયોના અલગ-અલગ અભ્યાસક્રમો તેમજ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીના આદાન-પ્રદાન, સંયુક્ત સંશોધન તેમજ સંયુક્ત ડિગ્રી માટે સમજૂતી કરાર કર્યા છે.

# વિદેશથી આવેલા વિદ્યાર્થી દ્વારા ગાંધીનગરને યાદગાર સેવાભેટ



એઍફઍસ દ્વારા ગાંધીનગર શહેરમાં એક વર્ષનો અભ્યાસ કરીને પરત સ્વદેશ ગયેલા વિદ્યાર્થી આન્દ્રે ગુર્ચીએ ગાંધીનગરને યાદગાર ભેટ આપી છે. શહેરમાં યોગેશભાઈ પટેલ પરિવાર સાથે આન્દ્રેનો નિવાસ હતો. આ પરિવાર સાથે આન્દ્રેએ અહીંના એક વર્ષના નિવાસ દરમિયાન સતત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ સેવાકીય પ્રવૃત્તિઓની એવી તો પ્રભાવક અસર આન્દ્રેના મન પર પડી હતી કે સ્વદેશ પરત જતી વેળા તેણે પોતાના ખિસ્સા ખર્ચમાંથી ૪૦ હજારની રકમ ગરીબોના કલ્યાણ માટે અર્પણ કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે વર્ષ દરમિયાન આન્દ્રેએ વૃધ્ધો અને ગરીબોની ખૂબ સેવા કરી હતી. એ પછી આ દેશમાંથી વિદાય લેતી વેળાએ પણ આન્દ્રેની સંવેદનશીલ નાણાંકીય સેવાએ એઍફઍસના સાંસ્કૃતિક આદાનપ્રદાનના પ્રયાસોને નવી પ્રતિષ્ઠા અપાવી હતી. એઍફઍસ દ્વારા આ સ્તુત્ય કાર્ય બદલ આન્દ્રેની પ્રશસ્તિ કરવામાં આવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

જિંદગી
જબ માયૂસ હોતી હૈ
તભી
મહેસૂસ હોતી હૈ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
બાહુબલિ-૨
૩.૦૦, ૬.૩૦
૧૦.૦૦

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૧૨.૩૦
સરકાર-૩
૩.૪૫, ૬.૪૫,
૯.૪૫

**સ્ક્રીન-૩**
મેરી પ્યારી બિંદુ
સવારે ૧૦.૦૦, ૧૨.૩૦
૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ગાર્ડીયન ઑફ ધી ગૅલેક્સી
(અંગ્રેજી, ૩ડી)
૫.૩૦

**સ્ક્રીન-૪**
સરકાર-૩
૧૨.૪૫

**સ્ક્રીન-૪**
સરકાર-૩
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧.૪૫, ૫.૦૦, ૮.૩૦

# પી. જી. મેડિકલ-ડેન્ટલની ૪૫૦ બેઠકો માટે ૧૬મીથી રિશફલિંગ

ગાંધીનગર, તા. ૧૨

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે પહેલો રાઉન્ડ પુરો થયા બાદ ખાલી પડેલી અને નવી મંજૂર થયેલી બેઠકો માટે આગામી તા.૧૬મીથી રિશફલિંગ શરૂ કરવાનું નક્કી કરાયુ છે. પી.જી.મેડિકલ અને ડેન્ટલની મળીને અંદાજે ૪૫૦ જેટલી બેઠકો માટે નવેસરથી કાર્યવાહી કરવામાં આવશે. પી.જી.મેડિકલ પ્રવેશ સમિતિ દ્વારા રિશફલિંગનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. કઈ કેટેગરીમાં કેટલી બેઠકો ખાલી છે તેની વિગતો આવતીકાલે વેબસાઈટ પર જાહેર કરવામાં આવે તેવી શકયતાં છે.

પી.જી.મેડિકલ અને ડેન્ટલમાં પહેલી વખત કોમન કાઉન્સેલિંગ કરવામાં આવ્યુ છે. જેના કારણે મેનેજમેન્ટ અને એનઆરઆઈ કવોટામાં લાખો રૂપિયા ડોનેશન ઉઘરાવતાં સંચાલકો પર અંકુશ આવી શકયો છે. બીજીબાજુ અત્યાર સુધી સ્વનિર્ભર મેડિકલ કોલેજમાં યુ.જી. કરેલા વિદ્યાર્થીઓ અત્યાર સુધી કયારેય સરકારી મેડિકલ કોલેજમાં પી.જી.માં પ્રવેશ મેળવી શકતાં નહોતા. કોમન કાઉન્સેલિંગના કારણે પહેલી વખત વિદ્યાર્થીઓને આવી તકો મળી છે. પી.જી.મેડિકલ-ડેન્ટલમાં પહેલા રાઉન્ડમાં ખાલી પડેલી બેઠકો ઉપરાંત ઓલ ઈન્ડિયા કવોટામાંથી પરત આવેલી બેઠકો, એલ.જી., એનએચએલ, સોલા, સ્મીમેર વગેરે કોલેજોમાં વિદ્યાર્થી-પ્રોફેસરના રેશિયા બદલાવવાના કારણે વધેલી બેઠકો અને નવી મંજૂરી થયેલી સહીતની કુલ ૪૦૦ જેટલી બેઠકો હાલમાં ઉપલબ્ધ છે. આજ રીતે પી.જી.ડેન્ટલમાં કન્વર્ટ થયેલી બેઠકો અને ઓલ ઈન્ડિયા કવોટામાંથી પરત આવેલી બેઠકો ૬ બેઠકો સહીત કુલ ૫૬ બેઠકો માટે રિશફલિંગ કરવામાં આવશે. આમ અંદાજે ૪૫૦થી વધુ બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં પી.જી.મેડિકલ માટે તા.૧૬, ૧૭, ૧૮ એમ, ત્રણ દિવસ નક્કી કરવામાં આવ્યા છે. જયારે તા.૧૯મીએ પી.જી.ડેન્ટલમાં રિશફલિંગની કાર્યવાહી કરવામાં આવશે. કયા દિવસે કયા વિદ્યાર્થીઓએ રિશફલિંગ માટે આવવાનું રહેશે તેની વિગતો પી.જી. પ્રવેશ સમિતિની વેબસાઈટ પર મુકી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે પી.જી.માં નીટના આધારે કોમન કાઉન્સેલિંગ કરવામાં આવતાં પહેલી વખત ઓલ ઈન્ડિયાની ૭૦થી ૮૦ ટકા જેટલી બેઠકો ખાલી પડી રહી છે. પ્રવેશના નિયમો પ્રમાણે ખાલી પડેલી બેઠકો જે તે પ્રવેશ સમિતિને પરત મળતી હોય છે. પી. જી. મેડિકલમાં અંદાજે ૨૬૦ જેટલી ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો ખાલી પડી રહેતા પરત આવી છે. જેમાં બી. જે. મેડિકલની પણ ઓલ ઈન્ડિયાની અંદાજે ૯૦થી વધારે બેઠકો ખાલી પડી છે. આ જ રીતે ભાવનગર સહીતની જુદી જુદી સરકારી કોલેજોમાં મળીને ઓલ ઈન્ડિયા કવોટાની ૨૬૦ જેટલી બેઠકો પરત આવી છે.

## ૧૨ સાયન્સનું પરિણામ ઊંચું આવતાં

# ડિગ્રી એન્જિનિયરિંગમાં ૨૫ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાયેલી ધો.૧૨ સાયન્સનું પરિણામ ગુરુવારે જાહેર કરી દેવામાં આવ્યું છે. સરખામણી એવું કહે છે કે ગત વર્ષની સરખામણીમાં પરિણામ અંદાજે સવા બે ટકા જેટલું ઊંચું આવ્યું છે. જેના કારણે પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધારે છે. આમ છતાં ડિગ્રી એન્જિનિયરિંગમાં ગત વર્ષની જેમ જ અંદાજે ૨૫ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેવી સ્થિતિ પરિણામના આધારે જોવા મળી રહી છે.

ધો.૧૨ સાયન્સમાં આજે જાહેર કરાયેલા પરિણામમાં એ ગ્રૂપમાં કુલ ૬૫૫૯૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી પરીક્ષામાં ૬૪૩૪૭ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા. જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી તેમાંથી ૫૪૫૭૫ વિદ્યાર્થીઓ પાસ જાહેર થયા છે. એટલે કે એ ગ્રૂપનું પરિણામ ૮૪.૮૧ ટકા આવ્યુ છે. એટલે કે એ ગ્રૂપ પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૪૫૭૫ છે. જેની સામે એન્જિનિયરિંગમાં હાલમાં ૬૯ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ છે. એ ગ્રૂપમાં પાસ થયેલા તમામ વિદ્યાર્થીઓને એન્જિનિયરિંગમાં પ્રવેશ ફાળવી આપવામાં આવે તો પણ અંદાજે ૧૫ હજારથી વધારે બેઠકો ખાલી પડે તેમ છે.

એ ગ્રૂપમાં પાસ થનારા કુલ વિદ્યાર્થીઓ પૈકી બી.એસસી, ફાર્મસીમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા અને અન્ય કોર્સમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને દૂર કરી દેવામાં આવે તો ગત વર્ષની જેમ અંદાજે ૨૫ હજારથી વધારે બેઠકો ખાલી પડવાની શકયતાં છે. સૂત્રો કહે છે ગતવર્ષ સુધી જેઈઈના આધારે ડિગ્રી એન્જિનિયરિંગમાં પ્રવેશ ફાળવવામાં આવતો હતો. ચાલુ વર્ષે ગુજકેટના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું નક્કી કરાયુ છે. જેના કારણે મેરીટ ઉંચુ જશે કે નીચુ તે અંગે હાલ પ્રવેશ સમિતિના સૂત્રો કશુ કહેવા તૈયાર નથી. ગતવર્ષ કરતાં ચાલુ વર્ષે જાહેર કરાયેલા પરિણામમાં અંદાજે સવા બે ટકા જેટલો વધારો છે. જેના કારણે પાસ થનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધારે થાય તેમ છે. આમછતાં ડિગ્રી ઈજનેરીમાં મોટાપાયે બેઠકો ખાલી પડવાની શકયતાં છે. ડિગ્રી ઈજનેરીની હયાત બેઠકો ઉપરાંત ચાલુ વર્ષે અંદાજે ત્રણ કોલેજ નવી આવે તો બેઠકોમાં વધારે થાય તેમ છે. વધારે બેઠકોના કારણે સ્વનિર્ભર ઈજનેરી કોલેજોની રેગ્યુલર બેઠકો ઉપરાંત મેનેજમેન્ટ કવોટાની બેઠકો પણ મોટાપાયે ખાલી પડે તેવી સ્થિતિ હાલ જોવા મળી રહી છે એવો નિષ્ણાતોનો અભિપ્રાય છે.

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારનો મળી જાય.**
**- સંપાદક**

## અંબાલાલ પ્રજાપતિને સાહિત્યસર્જન માટે બે પુરસ્કાર



ગાંધીનગર, તા. ૧૨

સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિવર્ષ શ્રેષ્ઠ પુસ્તકોને પુરસ્કૃત કરી સન્માનિત કરવામાં આવે છે.

સંસ્કૃત ભાષા સાહિત્યમાં નોંધપાત્ર સર્જન તરીકે અંબાલાલ પ્રજાપતિના સંસ્કૃત કાવ્યસંગ્રહ 'ગુજરાત ગૌરવ લહરા' (૨૦૧૨)ને મૌલિક સર્જન વિભાગમાં પ્રથમ અને વિવેકાનંદ સાર્ધશતાબ્દિ કાવ્યને તૃતિય સ્થાન પ્રાપ્ત થયું છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. અંબાલાલ પ્રજાપતિના ગુજરાત ગૌરવ લહરી કાવ્ય પર મહાનિબંધ લખીને ક વિદ્યાર્થીએ પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે. તેઓ પોતાનાં કાવ્યો દ્વારા સંસ્કૃત ભાષા અને સાહિત્યને સમૃદ્ધ કરતા રહ્યા છે.

## અમદાવાદ નેશનલ બૂક ફેર ખાતે

# મેઘાણીની અંતિમ કૃતિ 'સોરઠી સંતવાણી' વિષયે વી. એસ. ગઢવીનું વ્યાખ્યાન





અમદાવાદ નેશનલ બૂક ફેર ખાતે સાહિત્ય-લોકસાહિત્યના મર્મી, લેખક અને વક્તા વી. એસ. ગઢવીનું રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની અંતિમ કૃતિ 'સોરઠી સંતવાણી' પર રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન યોજાયું હતું.

ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અને તેમના માતા કુસુમબેન મેઘાણી, શેલ (હજીરા)ના નિવૃત્ત-સીઈઓ નીતિનભાઈ શુક્લ, સાહિત્યકાર કિરીટભાઈ દુધાત, શિક્ષણવિદ એચ. કે. દવે, લોકસાહિત્યકાર ગોપાલ બારોટ, ઓમ કોમ્યુનિકેશનના મનીષભાઈ પાઠક સહિત મોટી સંખ્યામાં સાહિત્ય-લોકસાહિત્ય-પ્રેમીઓ અને મેઘાણી-ચાહકો ઉપસ્થિત રહ્યાં હતાં.

'લોકવાણીનો અંતિમ પરિપાક ભજનવાણી છે' તેમ ઝવેરચંદ મેઘાણી લાગણીભેર કહેતા. લોકસાહિત્યના સંશોધન અર્થે પોતે કરેલ પરિભ્રમણ દરમિયાન લોકમુખેથી સાંભળીને ટાંચણપોથીમાં ટપકાવી રાખેલાં ૧૦૪ પ્રાચીન ભજનોના સંગ્રહ 'સોરઠી સંતવાણી'નું લેખન-કાર્ય પૂર્ણ થયું ને ૫૦-પાનાંના પ્રવેશકના પ્રૂફ તપાસવા માટે છાપખાનામાંથી આવ્યાં, તેને બીજે દિવસે -- ૯ માર્ચ ૧૯૪૭ના રોજ ૫૦ વર્ષની વયે ઝવેરચંદ મેઘાણીનું બોટાદ ખાતે નિધન થયું. આ પુસ્તક એમની પહેલી માસિક પુણ્યતિથિ -- ૯ એપ્રિલ ૧૯૪૭એ પ્રગટ થયું. અવસાન પહેલાના છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન એમનું ચિત્ત સંતોની ભજનવાણી ભણી વધુ ને વધુ ઢળતું ગયેલું. કહે છે કે છેલ્લે પોતે નવાં કાવ્યો લખતા નહોતા, કારણ કે આ ભજનવાણીમાં જ એમની લાગણીઓના પડઘા એ સાંભળતા હતા. ભજનો માટેનો એમનો અનુરાગ ઘણાં વર્ષોથી જીવતો પડ્યો હતો અને એમની તમામ લેખન પ્રવૃત્તિના પડ નીચે એનો પ્રવાહ સતત વહેતો રહ્યો હતો. વર્ષો પૂર્વેની ટાંચણપોથીઓમાં પડેલી અપાર સામગ્રીમાંથી આ પુસ્તકના બીજા ત્રણ-ચાર સંગ્રહો તૈયાર કરી દેવાની એમની ઈચ્છા હતી. ઝવેરચંદ મેઘાણી કૃત 'સોરઠી સંતવાણી'નું એક ક્લાસિક કૃતિ તરીકે ગુજરાતી સાહિત્યમાં હરહંમેશ આગવું સ્થાન રહેશે તેમ વી. એસ. ગઢવીએ લાગણીસભર જણાવ્યું હતું. ગોરખનાથ, કબીર, રૈદાસ, મીરા, હરજી ભાટી, જેસલ-તોરલ, દેવાયત પંડિત, મૂળદાસ, ભવાનીદાસ, રવિભાણ સંપ્રદાયના ભાણસાહેબ, રવિસાહેબ, ખીમસાહેબ, ત્રિકમસાહેબ, મોરારસાહેબ, દાસ હોથી અને દાસી જીવણ, લખીરામ, લખમા માળી, સતી લોયણ, રામૈયા, ગંગા સતી, જેઠીરામ, કાજી મહમદશા જેવાં ઈશ્વરપ્રેમી અને સેવાભાવી સંત-કવિઓની અમરવાણીનો હૃદયસ્પર્શી આસ્વાદ કરાવ્યો હતો. ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્ય વિશે પણ વાતો કહી. કવિવર રવીન્દ્રનાથ ટાગોરની ૧૫૬મી જન્મજયંતી નિમિત્તે એમની સાથે ઝવેરચંદ મેઘાણીનાં કેટલાંક યાદગાર સંભારણાંઓ પણ વાગોળ્યા. 'ઝવેરચંદ મેઘાણીએ અઢી દાયકામાં એક સૈકાનું ભગીરથ કાર્ય કર્યું' તેમ કહીને વી. એસ. ગઢવીએ ઝવેરચંદ મેઘાણીને ભાવાંજલિ આપી હતી. ઝવેરચંદ મેઘાણી વિશે વી. એસ. ગઢવીનું વક્તવ્ય સાંભળવું એક લ્હાવો છે તેવી લોકલાગણી રહી. ગુજરાત સરકારમાં વર્ષો સુધી સંનિષ્ઠ આઈએએસ અધિકારી તરીકે કાર્યરત રહેલા વી. એસ. ગઢવી હાલ ગુજરાત રાજયના ચીફ ઈન્ફોર્મેશન કમિશનર તરીકે સેવા આપી રહ્યા છે.

'સોરઠી સંતવાણી'ના ૭૦મા પ્રાગટ્ય દિને રાજકોટ ખાતે વિશેષ સ્વરાંજલિ કાર્યક્રમનું આયોજન સુરક્ષા સેતુ સોસાયટી, રાજકોટ શહેર પોલીસ તથા પિનાકી મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા થયું હતું. ખ્યાતનામ લોકકલાકારો અભેસિંહ રાઠોડ, હેમંત ચૌહાણ, ભારતીબેન વ્યાસ અને રાધાબેન વ્યાસે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સંશોધિત-સંપાદિત પ્રાચીન ભજનોની હૃદયસ્પર્શી રજૂઆત કરીને ઉપસ્થિત સહુને ડોલાવી દીધા હતાં.

# ગાંધીનગરમાં કાર્યરત અંધશાળામાં પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે પ્રવેશની તક

ગાંધીનગર, તા. ૧૨

સર્વિસ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, અમદાવાદ સંચાલિત ગાંધીનગર અંધશાળા, સૅક્ટર-૧૬ ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળકો માટે પ્રવેશ ઉપલબ્ધ છે.

આ અંગેની માહિતી આપતાં અંધશાળા દ્વારા જણાવવામાં આવ્યું છે કે શાળામાં ધોરણ-૧થી ૧૦ માટે પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓ માટે સંગીત શિક્ષણ, ઉદ્યોગ શિક્ષણ, કૉમ્પ્યુટર શિક્ષણની વ્યવસ્થા ઉપલબ્ધ છે. બાળકો માટે અહીં રહેવા તથા જમવાની નિઃશુલ્ક સુવિધા ઉપલબ્ધ છે અને બાળકો પાસેથી કોઈપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી.

ઉપરાંત બાળકને વર્ષ દરમિયાન પ્રવાસ, સાંસ્કૃતિક, રમતગમત તેમજ બાળકનો સર્વાંગી વિકાસ થાય તે માટે સંસ્થા હંમેશાં પ્રયત્નશીલ રહે છે.

પ્રવેશ માટે સૅક્ટર-૧૬ ખાતે કાર્યરત સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે ફોન નંબર : ૨૩૨૩૮૬૧૧ દ્વારા સંસ્થાનો સંપર્ક કરી શકાશે એમ આ અંગેની માહિતી આપતાં સંસ્થાના માનદ મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

## 'મારું માયાળુ મોસાળ'